## વાહનભથ્થાની રકમ માસિક ધોરણે આપવા અંગે

કમિશનર, મ.ભો. અને શાળાઓની કચેરી, ક્રમાંક : અનદ-1/ધ/07-08/13389041
બ્લોક નં. 9/1, ડો. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 5-10-2007

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષય : વાહન-ભથ્થાની રકમ માસિક ધોરણે આપવા બાબત.

*સંદર્ભ : (1) ગુજરાતરાજ્ય આચાર્ય સંઘની તા. 18-9-2007 ની રજૂઆત.*

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. 2-7-'99ના ઠરાવક્રમાંક : બમશ/1199/741(3)-ગ ના પરિશિષ્ટ-2માં માન્યખર્ચની યાદીના ક્રમ-22 ઉપર વાહનખર્ચ (માસિક રૂ. 500/-)નો સમાવેશ થાય છે. જેનો લાભ અનુદાનપાત્ર બિનસરકારી માધ્યમિક શાળાના આચાર્ય તેમજ શાળાના વહીવટી કર્મચારીને પણ મળવાપાત્ર થાય છે.

જેના સંદર્ભમાં સ્પષ્ટતા કરવાની કે, પ્રસ્તુત બાબતે શિક્ષણ વિભાગના તા. 2-7-'99ન ઠરાવની જોગવાઈ તેમજ વિભાગના તા. 1-3-'05ના પત્રાંક : બમશ/11041/1664-ગ થી થયેલ સૂચનાઓ ધ્યાને લઈ સંચાલકમંડળે સદર રકમ ફરજના ભાગરૂપે કરેલ મુસાફરી અંગે સંબંધિત આચાર્ય કર્મચારીને ચૂકવી તેની પહોંચ દર માસે રજૂ થતા પગારબિલ સાથે સામેલ રાખવી. પહોંચનોનો નમૂના આ સાથે સામેલ છે.

સહી, સત્તાધિકારી
સંયુક્ત શિક્ષણનિયામક (માધ્યમિક), ગાંધીનગર